Sunday
22.12.2024
✳Volume :9 ✳ Issue No.157
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# HMoJ શ્રી સી. આર. પાટીલે ગુજરાતનાં નવસારીમાં કલાઈમેટ સ્માર્ટ એગ્રો-ટેકસટાઈલ ડેમોન્સ્ટ્રેશન સેન્ટરનું ઉદઘાટ્ન કર્યું

**આ પહેલ નેશનલ ટેકનિકલ ટેક્સટાઇલ્સ મિશન (એનટીટીએમ) હેઠળ ટેકનિકલ ટેક્સટાઇલ્સને પ્રોત્સાહન આપવાનાં મંત્રાલયનાં વિઝનને અનુરૂપ છે તથા સ્થાયી અને નવીન સમાધાનો માટે ભારતનાં કૃષિ ક્ષેત્રને આગળ વધારવા માટે છે**







કમલમ્,

ટેકસટાઈલ મંત્રાલયે સિન્થેટિક એન્ડ આર્ટ સિલ્ક મિલ્સ રિસર્ચ એસોસિએશન (એસએસએમઆઈઆરએ) ના સહયોગથી ગુજરાતનાં નવસારીમાં ભારત સરકારનાં જલ શક્તિનાં માનનીય મંત્રી શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં ક્લાઈમેટ સ્માર્ટ એગ્રો-ટેકસટાઈલ ડેમોન્સ્ટ્રેશન સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો.

આ નિદર્શનકેન્દ્ર ભારતના કૃષિ ક્ષેત્ર માટે પરિવર્તનકારી ઉકેલો તરીકે એગ્રો-ટેકસટાઈલ્સના સ્વીકારને પ્રોત્સાહન આપવાનીદિશામાં એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરે છે. તે ખેડૂતોને શિક્ષિત અને સશક્ત બનાવવા, એગ્રો-ટેકસટાઈલ ઉત્પાદનોના જીવંત પ્રદર્શન, તેમની એપ્લિકેશન્સ અને વ્યવહારિક તાલીમ મોડ્યુલો દર્શાવવા માટે બનાવવામાં આવી છે, જેથીઆ નવીનતાઓને દૈનિક ખેતી પદ્ધતિઓમાં સંકલિત કરવામાં મદદ મળી શકે.

૧૫,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ કેન્દ્રની જાળવણી ત્રણ વર્ષ સુધી SASMIRA દ્વારા કરવામાં આવશે, જેમાં આઠ પાક ચક્ર આવરી લેવામાં આવશે. આ સુવિધામાં એગ્રો-ટેકસટાઈલ ટેકનોલોજીની લાઈવ એપ્લિકેશન્સ જેવી કે શેડ નેટ (પર્ફેક્ટ, ફોટો-સિલેક્ટિવ અને વર્ટિકલ ફાર્મિંગ એપ્લિકેશન્સ), ઔષધીય નર્સરીઓ, છાંયડાની જાળ હેઠળ વર્મીકમ્પોસ્ટિંગ, ગ્રાઉન્ડ કવર્સ (કુદરતી અને એચડીપીઈ), પોન્ડ લાઈનર્સ અને ક્રોપ કવર્સ સામેલ છે. શ્રી સી. આર. પાટીલે તેમના પ્રારંભિક પ્રવચનમાં પાકની ઉત્પાદકતામાં સુધારો કરવા, સંસાધનોનું સંરક્ષણ કરવાઅને સ્થાયી ખેતીને સક્ષમ બનાવવામાં એગ્રો-ટેકસટાઈલ્સનીનિર્ણાયક ભૂમિકા પર ભાર મૂકયો હતો. તેમણે ખેડૂતોને પ્રદર્શન કેન્દ્રની મુલાકાત લેવા અને કૃષિ પરિણામો વધારવા માટે એગ્રો-ટેકસટાઈલ ટેકનોલોજીને તેમની પદ્ધતિઓમાં સંકલિત કરવા વિનંતી કરી હતી. આ પહેલ નેશનલ ટેકનિકલ ટેકસટાઈલ્સ મિશન (એનટીટીએમ) હેઠળ ટેકનિકલ ટેકસટાઈલ્સને પ્રોત્સાહન આપવાનાં મંત્રાલયનાં વિઝનને અનુરૂપ છેતથા સ્થાયીઅને નવીન સમાધાનો માટે ભારતનાં કૃષિ ક્ષેત્રને આગળ વધારવાનાં છે. આ નિદર્શન કેન્દ્ર આઈઓટી-આધારિત મોનિટરિંગ સિસ્ટમ્સથી સજ્જ છે, જે વાસ્તવિક સમયની સ્થિતિ, પાકની ઉપજ અને વૃદ્ધિની કામગીરીને ટ્રેક કરે છે.

આ ઉપરાંત, કેન્દ્ર સરકાર ખેડૂતો અને હિતધારકોને શિક્ષિત કરવા માટે નિયમિત સમયાંતરે માન્ય સેમિનારોનું આયોજન કરશે. કૃષિ કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે આ પહેલને સંપૂર્ણ રાજ્ય સમર્થન આપવાની ખાતરી આપી હતી અને એગ્રો-ટેકસટાઈલ્સના સ્વીકારને વિસ્તૃત કરવા રાજ્ય સરકારો સાથે બેઠકો યોજવાનુંસૂચન કર્યું હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઝેડ.પી.પટેલે આ નિદર્શન કેન્દ્રની શિક્ષણ અને વાસ્તવિક વિશ્વની ખેતી વચ્ચેના અંતરને દૂર કરવાની ક્ષમતા, ખેડૂતોને સંસાધનોની જાળવણી સાથે ઉત્પાદકતા વધારવા માટે જરૂરી જ્ઞાન અને સાધનોથી સજ્જ કરવા માટે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

ટેક્સટાઈલ મંત્રાલયનાં સંયુક્ત સચિવ શ્રી રાજીવ સક્સેનાએ કૃષિમાં ટેકનિકલ ટેક્સટાઈલ્સનાં સ્વીકારને પ્રોત્સાહન આપવાની મંત્રાલયની કટિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેકટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ

**મહેસૂલ-પંચાયત-ગ્રામ વિકાસ-શહેરી વિકાસ-પ્રવાસન-શિક્ષણ સહિતના વિભાગોની યોજનાઓની જિલ્લા સ્તરીય સ્થિતીની સમીક્ષા હાથ ધરવામાં આવી**



**જનતા-પબ્લીકને સારી સેવા-સુવિધા અને યોજનાકીય લાભો પહોંચાડવાના માધ્યમ સરકાર-અમલીકરણ અધિકારીઓ અને જિલ્લા વહિવટી વડાઓએ બનવાનું છે.:- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

## -:મુખ્યમંત્રીશ્રી:-

- જાહેર સેવક તરીકે જનતાની સેવા કરીને તેની સમસ્યાનું નિવારણ લાવવું એ આપણી ફરજ અને દાયિત્વ છે
- લોકોની રજુઆતો જાણવા માટે ફિલ્ડ વિઝીટ-લોકસંપર્ક સુદ્રઢ બનાવવા હિમાયત
- 'સ્વાગત'માં રજુઆત જ ન આવે તેવી સ્થિતી ઉભી કરીએ
- 'ઝિરો ટોલરન્સ અગેઈન્સ્ટ કરપ્શન' ૧૦૦ ટકા સાકાર કરવું છે
- પરિપત્રો-નિયમોનું જિલ્લાઓમાં અલગ-અલગ અર્થઘટન ન થાય તેની તાકિદ
- વ્યવસ્થાઓ સ્થાયી છે વ્યક્તિ નહિ એ ભાવ સાથે પારદર્શિતા અને પ્રમાણિકતાથી લોકહિત કામો દ્વારા પદનું સ્ટેટસ વધારો





કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સરકાર અને અમલીકરણ અધિકારીઓ તથા જિલ્લાના વહીવટી વડાઓએ જનતા-પબ્લિકને સારી સેવા-સુવિધાઓ અને કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાના માધ્યમ બનવાનું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુંકે, આજવાબદારી અને કર્તવ્યનાભાવ સાથે કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ પોતાની ભૂમિકા નિભાવે તે અપેક્ષિતછે. મુખ્યમંત્રીશ્રી રાજ્યના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુક્ત પરિષદનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ, પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ, મુખ્યમંત્રીશ્રીનામુખ્ય અગ્ર સલાહકાર ડૉ. હસમુખ અઢિયા આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, જાહેર સેવકતરીકે જનતાની સેવા કરવી, તેની સમસ્યા-મુશ્કેલીઓ દૂર કરવી તે આપણું દાયિત્વ અને ફરજ બેય છે. આ માટે લોકસંપર્ક વધુ સુદ્રઢ બનાવવાની હિમાયત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અધિકારીઓને ફિલ્ડ વિઝીટ માટે તાકીદ કરી હતી. તેમણે જણાવ્યુંકે, ફિલ્ડવિઝીટમાં લોકોની રજૂઆતો- ફરિયાદો ધ્યાને આવે તેના નિવારણ માટેના ઉપાયો યોજવા સાથોસાથ જિલ્લાના અધિકારીઓ -કર્મચારીઓના વ્યવહાર વર્તનનો ફીડબેક મેળવી સુશાસનની દિશામાં વધુ સક્રિય થઈએ. મુખ્યમંત્રીશ્રીએ લોક પ્રશ્નોના ત્વરિત નિરાકરણની તથા ઉચ્ચ કક્ષાથી લઈને સામાન્ય માનવીની રજૂઆતોના યોગ્ય જવાબ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા જિલ્લા સ્તરે જ ઊભી થાય અને 'સ્વાગત'માં આવવું જ ન પડે તેવી સ્થિતીનું નિર્માણ કરવા પણ કલેકટરો-વિકાસ અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે "ઝિરો ટોલરન્સઅગેઈન્સ્ટ કરપ્શન"નો નિર્ધાર દોહરાવતાકહ્યુંકે, વિકાસના રોલ મોડલ એવા આપણા ગુજરાતના વધુ ઉન્નત અને વૈશ્વિક વિકાસમાંઆડે આવતુંઆ કરપ્શન ૧૦૦ ટકા દૂર કરવું જ પડે, નિંદામણ કરી નાખવું પડે એમ તેમણે માર્મિક ટકોર કરતા ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટકહ્યું કે, સરકારના પરિપત્રો નિયમોનું અલગ અલગ અર્થઘટન જિલ્લાઓમાં થવુંન જોઈએ જો કોઈ કામ નિયમાનુસાર ન થાય તેવુંહોય તો તેના સ્પષ્ટ કારણો જણાવી દેવા જોઈએ. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું કે, વ્યવસ્થા સ્થાયીછે કોઈ વ્યક્તિ કે તેનું પદ સ્થાયી નથી, એટલે સેવાકાળ દરમિયાન જનહિતના કામો પારદર્શિતા અને ૧૦૦ ટકા પ્રમાણિકતાથી કરીને પદની ગરિમા-સ્ટેટસ ઊંચું લાવવાનો વિચાર જ પ્રાથમિકતા હોવો જોઈએ. ગુજરાત આજે વિકાસનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે તેમાં જિલ્લાના વડા તરીકેકલેકટર-ડી.ડી.ઓ. અને તેમની ટીમનો મહત્વપૂર્ણ ફાળો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ સૌને એ માટે બિરદાવતાજણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો રોડ મેપ તૈયાર થયેલો છે તેનાં સુચારુ અમલથી ૨૦૪૭ સુધીમાંવિકસિત ગુજરાતબને તેવી સંકલ્પના અનેકાર્યદક્ષતાજિલ્લાની ટીમના વડાઓએ દાખવવાની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આવી કલેકટર-ડી.ડી.ઓ. કોન્ફરન્સ જિલ્લાઓમાં કરવાનું પ્રેરક સૂચન કરતા કહ્યું કે, આના પરિણામે જિલ્લાના સમગ્રતયા વિકાસથી રાજ્ય સરકાર અને અન્ય જિલ્લા અધિકારીઓ ભલિભાંતિ પરિચિત પણ થશે. આ એક દિવસીય પરિષદમાં મહેસુલ, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની લોકોને સીધી સ્પર્શતી યોજનાઓમાં જિલ્લાઓની કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંતનિર્મળ ગુજરાત૨.૦, નલ સેજલ, પી.એમ.વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી સૂર્યઘર મૂફ્ત બીજલી યોજના, પી.એમ.જે.એ.વાય. અને પી.એમ. પોષણ યોજનાની જિલ્લા સ્તરે થયેલી કામગીરી પર પ્રેઝન્ટેશનસહિત સમૂહચિંતન થયા હતા. આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી રાજકુમારે પરિષદ્નો હેતુ સ્પષ્ટ કરતાંજણાવ્યું હતું કે, નાગરિકોના હિતમાં સરકારે અમલમાં મૂકેલી કોઈપણ યોજનાની આંકડાકીય સિદ્ધિ કરતા એ યોજનાનો ઉદ્દેશ્ય પરિપૂર્ણ થાય તેવધુમહત્વપૂર્ણ છે. જિલ્લાના વહીવટી વડા તરીકે કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોની સુખાકારી જ હોવો જોઈએ. નાગરિકહિતલક્ષી કોઈપણ કામ ગુણવત્તાયુક્ત થશે, તો જ નાગરિકોની સુખાકારીમાં વધારો થશે અને સરકાર પ્રત્યે તેમનો વિશ્વાસ વધુદ્રઢ બનશે.

મુખ્ય સચિવશ્રીએઉમેર્યું હતું કે, સરકારની કોઈપણ યોજનાને વધુ અસરકારક બનાવવા માટે 'ફીડબેક મેકેનીઝમ' ઉભુંકરવું ખૂબજ જરૂરી છે. જિલ્લા કક્ષાએ કામ કરતા અધિકારીઓ નાગરીકો સાથે સૌથી નજીકથી કામ કરતા હોવાથી ફીડબેક મેકેનીઝમ વધુ મજબૂત બનીશકે છે. એમ પણ તેમણે ઉમેર્યું હતું. આ સંયુકત પરિષદમાં મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રીઓ શ્રી પંકજ જોષી અને એમ. કે. દાસ ઉપરાંત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવો, અગ્રસચિવો અને મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ સહિત સચિવો પણ જોડાયા હતા.

## તંત્રી સ્થાનેથી......

૧૯૮૦માં ભુજ શહેરમાં રખડતા ભટકતા નિરાધાર માનસિક વિકલાંગો માટે મમતામયી મા બની શ્રી સ્વ.મણીબેન પ્રાગજી માહેશ્વરીએ ભુજના દરબાર ગઢ ચોકથી પ્રારંભ કરેલી સેવાની જ્યોત તેમના પુત્ર તથા અન્ય મિત્રોએ માનવજ્યોત સંસ્થાના માધ્યમથી આજે વધુ પ્રજ્વલિત કરી છે. શરૂઆતમાં શહેરમાં ફરી ફરીને માનસિક વિકલાંગોને ભોજન, કપડા, દવા સહિતની સેવા આપતી માનવજ્યોત સંસ્થા આજે માનસિક દિવ્યાંગો માટે ભુજથી નજીક પાલારા ખાતે રામદેવ સેવાશ્રમ ઉભો કરીને કાયમી વિસામો બની ગઈ છે. સરહદી કચ્છમાં સરકારી માનસિક આરોગ્ય હોસ્પિટલના સારવારના સહયોગ સાથે માનવસેવાની સુવાસ ફેલાવતો રામદેવઆશ્રમ આજે સમગ્ર ભારતના માનસિકવિકલાંગોનું બીજુંસરનામું બની ગયો છે. માનવસેવાના અનેક કાર્ય કરતી આ સંસ્થાનું મુખ્ય કાર્ય માનસિક વિકલાંગોની સારવાર કરીને તેને સમાજના મુખ્યપ્રવાહમાં ભેળવવાનું, જેનું કોઈ નથી તેને આશરો આપી તેમના રહેલા કૌશલ્યને ખિલવી તેને સક્ષમ બનાવવાનું છે. આ કાર્યમાં ગુજરાતસરકાર તથા દાતાઓની મદદ મળી રહી છે. સંસ્થાના પાયાના પથ્થર સમાન રમેશભાઈ માહેશ્વરી, સુરેશભાઈ માહેશ્વરી તથા સાથીમિત્રો પૃથ્વીરાજસિંહ જાડેજા, મુરજીભાઈ ઠક્કર તથા પ્રબોધ મુનવરે વાવેલું આ સેવાનું બીજ આજે વટવૃક્ષ બની ચુક્યું છે. રામદેવઆશ્રમના સેવાભાવી પ્રબોધ મુનવર જણાવે છે કે, દેશના અનેક રાજ્યોથી કચ્છ આવી પહોંચેલા માનસિક વિકલાંગોની સારવાર કરીને તેના પરિવારને શોધી તેમનું પરિવાર સાથે મિલન કરાવવું, રોડ પર પડી રહેતા માનસિક વિકલાંગોને રોજ ભોજન આપવું, તેમને નવડાવવા, કપડા પહેરાવવા, બિમાર હોયતો સારવાર કરાવવી વગેરે કાર્યો માનવજ્યોતસંસ્થા કરતી હતી. પરંતુ માનસિક વિકલાંગોને રાખવા કોઈ કાયમી આશ્રય સ્થાન ન હોવાથી અનેક મુશ્કેલી પડતી હતી. દાતા અને સરકારશ્રીની મદદથી અનેક વર્ષોની તપસ્યાબાદ ૨-૭-૨૦૧૭માં ''રામદેવઆશ્રમ''ને ખુલ્લો મુકવામાં આવ્યો. ત્યારથી કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગો પર રહેતા નિરાધાર માનસિક દિવ્યાંગોને માનવ જયોત સંસ્થા શોધી શોધીને આશ્રમસ્થળે લઈ આવી જરૂર પડ્યે તો સરકારી માનસિક આરોગ્યની હોસ્પિટલ ખાતે અથવા આશ્રમમાં આશરો આપી તેની સારવાર કરાવે છે.

# વાપીમાં રાજ્ય સરકારના યોગ બોર્ડ દ્વારા નિ:શુલ્ક યોગ શિબિર યોજાઈ

કમલમ્,વલસાડ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લાના યોગ કોચ અને સોશિયલ મીડિયા કો-ઓર્ડીનેટર શીતલ ત્રિગોત્રા દ્વારા વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં જલારામ મંદિર ખાતે નિ:શુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦જેટલા યોગ પ્રેમીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત સમગ્ર જિલ્લામાં ચાલી રહેલા કાર્ય વિશે શીતલબેને માહિતી આપી હતી. સહયોગી તરીક યોગ ટ્રેનર તોરલ મિસ્ત્રીએ સહકાર આપ્યોહતો. ઉલ્લેખનીય છે કે, વાપી તાલુકામાં આવેલા જલારામ મંદિર ખાતે છેલ્લા બે વર્ષથી યોગના પ્રખર અનુભવી શ્રીમતી તોરલબહેન મિસ્ત્રી દ્વારા ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના સાનિધ્યમાં જન સેવાર્થે સમાજોપયોગી થવાના ઉમદા હેતુ સાથે નિ:શુલ્ક યોગા કલાસ ચલાવવામાં આવે છે. જેનો બહોળી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.



# ઘેલા સોમનાથ મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વધુ આકર્ષક બનાવવા સૂચનાઓ આપતાં મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

**મંદિરની આજુબાજુના વિસ્તારની મુલાકાત કરીને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી**



કમલમ્,રાજકોટ

ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતીબાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈબાવળીયાએ વિંછીયા તાલુકાના સોમપીપળીયા ગામમાં આવેલા પૌરાણિક ઘેલા સોમનાથ મંદિરના વિકાસકાર્યોઅંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી હતી. આ તકે કેબિનેટ મંત્રીશ્રીએ ઘેલા સોમનાથ મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વધુ આકર્ષક બનાવવા સૂચનાઓ આપી હતી. તેમજ મંદિરની આજુબાજુના વિસ્તારની મુલાકાત લઈને અને નકશાનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરીને લાઈટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવા, નદીકિનારે ઘાટ બનાવવા, યાત્રાળુઓના રહેવા-જમવાની સુવિધાઓમાં વધારો કરવા સહિતની બાબતો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે મંત્રીશ્રીએ મીનળદેવીજી અને ઘેલા સોમનાથ મહાદેવજીના મંદિરોમાં દર્શન કર્યા હતા. આ વેળાએ જસદણ તાલુકા મામલતદારશ્રી એમ.ડી.દવે, ટેકનિકલ સપોર્ટર શ્રી નેલશનભાઈ મોટેલીયા અને શ્રી પરેશભાઈ વ્યાસ સહિત અધિકારીઓ, કર્મચારીઓ, ટ્રસ્ટીઓ, આર્કિટેક, એન્જિનિયર ઉપસ્થિતરહ્યાં હતાં.

# જસદણ-વિંછીયા પંથકના વિકાસકાર્યો કરવા આગામી વર્ષના બજેટમાં વિવિધ જોગવાઈઓ કરાશે : મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

**બંધાળી - વનાળા - સનાળા રોડ પર રૂ. ૧.૬૫ કરોડના ખર્ચે થનારા સમારકામનું ભૂમિપૂજન કરતાં મંત્રીશ્રી**



કમલમ્,રાજકોટ

ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતીબાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે વિંછીયા તાલુકાના બંધાળી - વનાળા- સનાળા રોડના સમારકામ નું શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કરાયું હતું. રાજકોટ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ અંતર્ગતખાસ મરામતયોજના હેઠળ રૂ. ૧.૬૫ કરોડનાખર્ચે ૬.૨૫કિલોમીટરના રસ્તા પર ડામર કામ અને ફર્નીશિંગ કરાશે. આ તકે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે જસદણ તાલુકા અને વિંછીયા તાલુકાના નાના-મોટા રસ્તાઓ રીકાર્પેટ થઈ ગયા છે. જન-આરોગ્ય અર્થે મોટાભાગના ગામોમાં આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. અંતરિયાળ વિસ્તારોમાં રહેતા બાળકને પણ સરકારી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવી રહ્યુંછે.

હજુ અનેક કામગીરી પ્રગતિ હેઠળ છે અને વિવિધ વિકાસકામોની મંજૂરી પ્રક્રિયા થઈ ચૂકી છે. ત્યારે જસદણ-વિંછીયા પંથકના વિકાસકાર્યો કરવા આગામી વર્ષના બજેટમાં વિવિધ જોગવાઈઓ કરાશે. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોનું ફૂલહારથી સ્વાગત કરાયુંહતું. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જે. એન. રાઠોડએ સ્વાગતપ્રવચન અને અગ્રણીશ્રી ખોડાભાઈ ખસિયાએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં બંધાળી ગામના સરપંચશ્રી હંસરાજભાઈ ભાલારા, મામલતદારશ્રી આર. કે. પંચાલસહિત અધિકારીઓ,કર્મચારીઓ અને ગામલોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રૂ. ૧૮૦ લાખના ખર્ચે નિર્મિત દેવપરા માધ્યમિક શાળાનું લોકાર્પણ

**વાલીઓ સંતાનોને અભ્યાસથી વંચિત ન રાખે તેમજ દીકરા-દીકરીને સમાન માનીને કન્યા કેળવણીને પણ મહત્વ આપે : મંત્રીશ્રી**



કમલમ્,રાજકોટ

ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતીબાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાની દેવપરા માધ્યમિક શાળાના રૂ. ૧૮૦ લાખના ખર્ચે બાંધકામ કરેલા નવીન ભવનનું લોકાર્પણ કરાયુંહતું. આ તકે મંત્રીશ્રી કુંવરજીભાઈબાવળીયાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત કાર્યરત આ શાળા માતા સરસ્વતીના મંદિર સમાન છે. ગામના આંગણે માધ્યમિક શાળા બનતા બાળકોને હવે ગામની બહાર ભણવા નહીં જવું પડે. ગુજરાત સરકાર સ્કૂલ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા કટિબદ્ધ છે. ત્યારે વાલીઓની પણ નૈતિક જવાબદારી છે કે પોતાના સંતાનોને શાળા અભ્યાસથી વંચિત ન રાખે તેમજ દીકરા-દીકરીને એક સમાન માનીને કન્યાકેળવણીને પણ મહત્વ આપે. ઉલ્લેખનીય છે કે આ શાળામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ૫(પાંચ) નવા વર્ગખંડોનું બાંધકામ કરાયું છે. હાલ શાળામાં ધો. ૯ અને ધો. ૧૦ના કુલ ૩૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં કમ્પ્યુટર લેબ, લેબોરેટરી અને લાઈબ્રેરી, બહેનો-ભાઈઓના અલગ શૌચાલય, વગેરેની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. વરસાદી પાણીનો ભૂગર્ભ જળસંચય થઈ શકે, તે હેતુથી રેઈન વોટર હાર્વેસ્ટીંગસીસ્ટમ પણ તૈયાર કરાઈ છે. આ કાર્યક્રમમાં સરપંચશ્રી શિલ્પાબેન સાસદીયા, મામલતદારશ્રી એમ. ડી. દવે, દેવપરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી નયનાબેન પટેલ, અગ્રણીઓ શ્રી ભાવેશભાઈ વેકરીયા અને શ્રી કલ્પેશભાઈ વાવડીયા સહિત અધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાહતા.

# આલણસાગર ડેમ જેવા જસદણ તાલુકાના પાણિયારાનો લાભ લઈ સમગ્ર પંથક સમૃદ્ધ થઈ રહ્યો છે : મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

**મંત્રીશ્રીના હસ્તે આલણસાગર ડેમ ખાતે રૂ. ૭૦ લાખના ખર્ચે નવનિર્મિત ઇન્સ્પેકશન બંગલાનું લોકાર્પણ- અંદાજે રૂ. ૨૦૦ લાખના ખર્ચે ડેમના મરામત અને જાળવણી કામ-તળાવના નીરનું પૂજન-અર્ચન**



કમલમ્,રાજકોટ

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના બાખલવડ ગામમાં આવેલા આલણસાગર ડેમ ખાતે નાની સિંચાઈ યોજના અંતર્ગત રૂ. ૭૦ લાખના ખર્ચે નવનિર્મિત ઈન્સ્પેકશન બંગલાનું લોકાર્પણ કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જસદણ પંથકની જીવાદોરી સમાન આલણસાગર તળાવના નીરનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કર્યું હતુંતેમજ તેમણે ડેમ અને કચેરીની મુલાકાત લઈને જરૂરીસૂચનો કર્યાહતાં. જળસંપત્તિ મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે આલણસાગર ડેમ તો જસદણ તાલુકાનું પાણિયારું કહેવાય, જેના જળનો લાભ લઈ સમગ્ર જસદણ પંથક સમૃદ્ધ થઈ રહ્યો છે. ટૂંક સમયમાં જ અહીં વૃક્ષારોપણ, બેસવાના બાંકડા સહિતની વ્યવસ્થાઓ કરીને બ્યુટીફીકેશન પણ કરવામાં આવશે. હાલ જસદણ-વિંછીયા પંથકમાં કેનાલો પાકી બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ નળ સે જળ, સૌની વગેરે જેવી અનેક યોજનાઓના અમલીકરણથી પીવાનું પાણી અને સિંચાઈનું પાણી અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચાડવા પ્રયાસશીલ છે. ત્યારે રાજયસરકારની ગુજરાતને પાણીદાર બનાવવાની નેમ પૂરી થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આલણસાગર ડેમનું મરામત અને જાળવણી કામ અંદાજે રૂ. ૨૦૦ લાખના ખર્ચે કરાયું છે. જસદણ, બાખલવડ, ગઢડીયા, શિવરાજપુર, નાની લાખાવડ, ચિતલીયા, પોલાણપર એમ કુલ ૦૭ ગામોના લોકો અને ૧૨૦૦થી વધુ ખેડૂતો આણલસાગર ડેમનો લાભ લઈ રહ્યા છે. આ ડેમમાં 496 M.C.F.T. જેટલોપાણીનો સંગ્રહ થઈ શકે છે. આ તકે અગ્રણીશ્રી ભાવેશભાઈ વેકરીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સ્મિતભાઈ ચૌધરી, અગ્રણીઓ શ્રી પંકજભાઈ જોશી અને શ્રીઅશોકભાઈ મહેતા સહિત અધિકારીઓ અને ગામલોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# જીવનમાં શિક્ષક તરીકે સફળ થવા નિષ્ઠા અને પ્રમાણિકતાથી ફરજ નિભાવવી જોઈએ : મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

**મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ - વિંછીયા તાલુકાના માધ્યમિક શિક્ષકોની વિષય સજ્જતા તાલીમનો શુભારંભ**





કમલમ્,રાજકોટ

ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતીબાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે, રાજકોટ જિલ્લાની જસદણ મોડેલ સ્કૂલ ખાતે શિક્ષકોની વિષય સજ્જતા તાલીમનો શુભારંભ કરાયો હતો. જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા જસદણ તાલુકા અને વિંછીયા તાલુકાની ૪૨ માધ્યમિક શાળાઓના ગણિત, વિજ્ઞાન અને ઈંગ્લીશ વિષયના કુલ ૯૦ શિક્ષકોને કી રીસોર્સ પર્સનના માધ્યમથી વિષય સંબંધિત માર્ગદર્શન આપવાના હેતુસર આ બે દિવસીય તાલીમ યોજાઈ છે. આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે શિક્ષક કભી સાધારણ નહીં હોતા - આ કહેવતને સાબિત કરતા અનેક વિશિષ્ટ વ્યક્તિઓ શિક્ષણ ક્ષેત્રમાં યોગદાન આપીને દેશમાં સર્વોચ્ચ સ્થાને પહોંચ્યા છે. જીવનમાં શિક્ષક તરીકે સફળ થવા નિષ્ઠા અને પ્રમાણિકતાથી ફરજ નિભાવવી જોઈએ. જસદણ-વિંછીયા પંથકમાં છેવાડાના ગામોમાં પણ પ્રાથમિક અને માધ્યમિક સરકારી શાળાઓ છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય માટે રસ કેળવાય અને તેઓ વિજ્ઞાન પ્રવાહ બાજુ વળે, તે માટે વિજ્ઞાન પ્રવાહની શાળા પણ કાર્યરત છે. આમ, જસદણ-વિંછીયા પંથક શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધી રહ્યું છે. ત્યારે શિક્ષકો માટે આ તાલીમ વિદ્યાર્થીઓને તેમના જ્ઞાન અને અનુભવના નિચોડનો લાભ વધુ કૌશલ્યપૂર્ણ રીતે આપવા ઉપયોગી થશે. આ તકે સર્વધર્મ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત બાદ દીપ પ્રાગટ્ય કરાયું હતુ. રાજકોટ જિલ્લા શિક્ષણ તાલીમભવનના પ્રાચાર્યશ્રી પ્રજ્ઞાબેન રાદડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મંત્રીશ્રીએ શિક્ષક તરીકે ૧૬ વર્ષના કાર્યકાળ અને એસ.ટી. નિગમ બોર્ડના નિયામક તરીકેની ફરજના સંસ્મરણો વાગોળ્યા હતા. આ કાર્યક્રમમાં મામલતદારશ્રી એમ.ડી.દવે, એજ્યુકેશન ઈન્સ્પેકટરશ્રી હેમલબેન આણંદપરા, બી.આર.સી. કો-ઓર્ડીનેટર રવિદાનભાઈ ગઢવી, મોડેલસ્કૂલ આચાર્યશ્રી નેહાબેન મે, તજજ્ઞો શ્રી મયંકભાઈ ભટ્ટ અને શ્રી સુનિલભાઈ જાદવ સહિતના અગ્રણીઓ ઉપસ્થિતરહ્યાં હતાં.

# જળ સંગ્રહ માટે નોંધપાત્ર કામગીરી કરનાર કુલપતિ ડૉ. ઝેડ. પી. પટેલને 'જળ પ્રહરી' સન્માન એનાયત કરાયું

**એક જ અઠવાડિયામાં નવસારી કૃષિ યુનિવર્સિટીએ બીજી વખત મેળવ્યું રાષ્ટ્રીય સન્માન**



કમલમ્,નવસારી

એક જ સપ્તાહની અંદર નવસારી કૃષિયુનિવર્સિટીએ બીજી વખત રાષ્ટ્રીય સન્માન મેળવીને નવસારીને ગૌરવાન્વિત કર્યુંછે. નવી દિલ્હી ખાતે આયોજીત સમારોહમાં દેશની અગ્રિમ પંક્તિની નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. ઝેડ. પી.પટેલને વરસાદી પાણીના સંરક્ષણ માટે કરેલા અથાગ પ્રયત્નો બદલ 'જળપ્રહરી'રાષ્ટ્રીય સન્માન એનાયત કરાયું છે. જળ શક્તિ મંત્રાલયના નેજા હેઠળના આ વિશિષ્ટ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીરાજભૂષણ ચૌધરી, શ્રી રવનીત સિંહ બિટ્ટુ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં આટલું બહુમૂલ્ય સન્માન મળતા નવસારી કૃષિયુનિવર્સિટીએ જળ સંચય અને સંરક્ષણ ક્ષેત્રે કરેલા અદ્ભુત પ્રયાસોને રાષ્ટ્રીય ઓળખ મળીછે. મહત્વનું છે કે, કુલપતિ ડો. ઝેડ. પી. પટેલે યુનિવર્સિટીના એકહજાર એકરના ફાર્મમાં ૮ જેટલા તળાવોને ઊંડા કરાવવામાં અંગત રસ લઈને યુનિવર્સિટીના જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમના વૈજ્ઞાનિકો સાથે તાલમેલ સાધી વરસાદી પાણી વહી જતું અને વ્યર્થ જતું અટકાવવા માટે અસરકારક પગલા લીધા છે. તેઓએ જમીન સુધારણા અને જળ સંચય-સંરક્ષણ માટે ૯*૯ ફૂટનો શોષક ખાડો બનાવીને પાંચ બોર કરીને ફિલ્ટર લગાવ્યું છે, જેના કારણે નવસારી પંથકમાં થતા અનરાધાર વરસાદમાંથી અંદાજે ૨૫ લાખ લીટર પાણીને બરબાદ થતું બચ્યું છે. આ પાણીને જમીનમાં ઉતારીને ભૂગર્ભ જળના સ્તર ઉપર લાવવામાં મહત્વપૂર્ણયોગદાન આપ્યુંછે. ૪૦ જેટલા ટ્યુબ વેલ ધરવતા કેમ્પસમાં ભૂગર્ભ જળ સ્તર સુધારણા તથા વરસાદી જળ સંચય અને સંરક્ષણ દ્વારા સિંચાઈ માટે યોગ્ય પાણીની ઉપલબ્ધતા પણ વધી છે. ડો. ઝેડ. પી. પટેલે આગામી સમયમાં આ અભિયાનને વધુ વેગવંતુ બનાવવાની નેમ જાહેર કરવા સાથે આ ઉમદા કાર્ય અને સિદ્ધિ માટે યુનિવર્સિટીના જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમના વડા ડો. વિકાસ આર. નાયક અને તેઓની સમર્પિત ટીમના સભ્યોના સઘન પ્રયાસો અને મહેનતને હૃદયપૂર્વક બિરદાવીહતી. નોંધનીય છે કે, ગત ૧૩ ડિસેમ્બરે જ આસામના ગૌહાટી ખાતે યોજાયેલા ડિજિટલટ્રાન્સફોર્મેશન કોક્લેવમાં, તેઓના માર્ગદર્શન હેઠળ વિકસાવાયેલ 'એગ્રીકલ્ચરલ એક્સપેરીમેન્ટ મોનિટરીંગ સિસ્ટમ' એપ્લીકેશન બદલ યુનિવર્સિટીને 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન નેશનલ એવોર્ડ'એનાયત થયોહતો. આમ, એક જ અઠવાડિયામાં કૃષિ યુનિવર્સિટીએ બીજુ રાષ્ટ્રીય સન્માન મેળવતા નવસારી કૃષિ યુનિવર્સિટી સહિત સમગ્ર નવસારીમાં આનંદ અને ગર્વની લાગણી વ્યાપી ગઈ છે.



જનસેવા તથા જનહિત માટે સતત જાગૃત ધારાસભ્ય ડો.દર્શિતા શાહ

# ધારાસભ્ય તરીકે ૨ વર્ષ પૂર્ણ થતા સાથ,સહકાર અને સહયોગ માટે સર્વેનો અંત:કરણ પૂર્વક આભાર માનતા ધારાસભ્યશ્રી ડો.દર્શિતા શાહ

કમલમ્,

૧૫ મી વિધાનસભા ના રાજકોટ-૬૯ ના ધારાસભ્ય તરીકે ડૉ દર્શિતા શાહને ૨ વર્ષ પુર્ણ થયેલ છે. તેઓની આગવી કાર્યશૈલી સતત લોકોવચ્ચે રહેવુંજે ડૉ.દર્શિતાશાહનો અભિગમરહ્યો છે. સાચીરજૂઆત લઈને આવેલ કોઈપણ વ્યક્તિ મારા કાર્યાલયથી નિરાશ થઈને ન જવો જોઈએ તેવા અભિગમ સાથે લોકોના નાનામાં નાના પ્રશ્નો ઉકેલવા તેઓ સતતપ્રયત્નશીલ રહે છે.તેઓ મહિલાઓ,દીવ્યાંગોઅને પર્યાવરણલક્ષી પ્રશ્નો અંગેચિંતીત હોય છે.લોકોને સીધી સ્પર્શતી રજૂઆતજરૂર જણાયે સરકારશ્રીમાં પણ કરે છે.આ રજુઆતમાં તેઓને મેહદ અંશે સફળતા પ્રાપ્ત થયેલ છે.જેથી જ તેઓ બહોળી લોક ચાહના અને લોક લાગણી ધરાવેછે.

ગુજરાતના પ્રથમ રાષ્ટ્રીય સેવક સંઘના પ્રાંત સંઘચાલક ડો.પી.વી.દોશીના તેઓદીકરી છે.રાષ્ટ્રસેવિકા સમિતિના સભ્ય છે.તેઓ ૨ ટમપૂર્વ ડેપ્યુટીમેયર રહેલતેમજ પૂર્વશહેર સંગઠન મંત્રી,પ્રદેશ ડીબેટ ટીમ સભ્ય,પ્રદેશ મહિલા મોરચા સભ્ય,તથા પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી સભ્ય રહીચુક્યા છે.બ્હેરામૂંગા શાળા,જૈન સોશિયલ ગ્રુપ,IMA જેવીઅનેકવિધ સંસ્થામાં સક્રિય હોદેદાર છે.તેઓ સૌરાષ્ટ્ર યુનીવર્સીટીના સેનેટ સભ્ય છે.વિધાનસભામાં ગ્રંથાલય અને હાજરી સમિતિના સભ્ય છે.આરોગ્ય વિભાગ ગાંધીનગર ખાતે CEA ની સમિતિમાં,NMO અને શહેરી એકતા સમિતિમાં સભ્ય છે.રોગી કલ્યાણ સમિતિ અને જેલ સલાહકાર સમિતિના સભ્ય છે.

ધારાસભ્ય ડો.દર્શિતા શાહ ૧,૦૬,૦૦૦ લીડ થી ભવ્ય જીત તેમની વિધાનસભા ૨૦૨૨ની ચુંટણીમાં મેળવેલ,જે ગુજરાતમાં પાંચમાં સ્થાને સૌરાષ્ટ્રમાં તથા મહિલા ધારાસભ્ય તરીકે પ્રથમ સ્થાને છે.તથા લોકસભાના ઈલેક્શનમાં વિધાનસભા-૬૯ દસમાં ક્રમે રહેલ. નેશનલ ધારાસભ્ય કોન્ફરન્સ મુંબઈ તેમજ દિલ્હી મહિલા ધારાસભ્ય કોન્ફરન્સ માં સક્રિયતા થી ભાગ લીધેલ વિધાનસભાના સત્ર દરમિયાન લોકોના પ્રશ્ન સંદર્ભ તેમજરજુ થતાબીલ સંદર્ભ સક્રિય રજૂઆતકરેલ છે.

ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ બહેરા-મુંગા શાળા ના બાળકો સાથે પોતાનાજન્મદિનની ઉજવણી,મનોદિવ્યાંગબાળકો, અનાથબાળકો તથા વૃધ્ધાશ્રમમાં મીઠાઈ, ભોજન, તથા ફ્રુટ્સ વિતરણથી કરી સાદગીનું પ્રતિબિંબ આપેલ છે.તહેવારોની રજામાં ફરજ બજાવતા કર્મચારીઓ,ફાયરબ્રિગેડ ૧૦૮, સફાઈ કામદારો, વિગેરે ને રૂબરૂ મળી બિરદાવીઅને મીઠામોઢા કરાવીવિનમ્રતા દાખવેલછે.ડો.દર્શિતા શાહએ પોતાના જન્મદિવસઅંતર્ગતરકતદાનકેમ્પ,તેમજ સુકન્યાસમૃદ્ધિ અંતર્ગત પોસ્ટ ઓફિસમાં પ્રથમ પ્રીમીયમ પોતે ભરી ખાતું ખોલાવી આપેલ.જુદી જુદી સંસ્થાઓ,સરકારશ્રીના તથા અન્ય જુદા જુદા ૩,૦૦૦થી વધારે કાર્યક્રમો માં ગત ૨વર્ષમાં હાજરી આપેલ.

ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાનમાં વિધાનસભા-૬૯ ગુજરાતમાં ત્રીજા ક્રમે રહેલ.વિધાનસભા-૬૯ ના ૨૦૨૪ના સ્નેહમિલન સમારોહમાં૧૮૦૦થી વધુલોકો તથાકાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યાભારતીયજનતા પાર્ટીદ્વારા કાર્યકર્તાશ્રીઓસાથે ટીફીન બેઠકો કરેલ. રાજસ્થાન ચુંટણીસંદર્ભ ૨૦દિવસસતતરાજસ્થાન રહીચુંટણીમાંપ્રચાર પસાર કરેલ.બીપોરજોય વાવાઝોડુ નીપરીસ્થિતિ માંઅસરગ્રસ્ત વિસ્તારો માંફરસાણ અને જરૂરી ચીજવસ્તુઓનુ વિતરણ કરેલતેમજ રાત-દિવસ સતત લોકોવચ્ચે કામગીરીકરેલ. ભારતીય જનતા પાર્ટીના બોટાદ ખાતે પ્રશિક્ષણ વર્ગમાં માર્ગદર્શન આપેલ. ચોમાસા ઋતુ દરમિયાન ભારે વરસાદને પરિણામેવિસ્તારમાં પાણી ભરવાના પ્રશ્નો,વૃક્ષોપડવાના પ્રશ્નો વગેરે નાની મોટી ફરિયાદોનું નિરાકરણ સ્થળ ઉપર કરેલ તેમજ જરૂરિયાતમંદ સ્થળાંતર થયેલ પરિવારો માટે ભોજનની વ્યવસ્થા કરાવેલ.તથા સતત વિસ્તારોમાંકાર્યરત રહેલ.

**સેવા નાસાત સોપાન**

**(૧)વિકાસના કામો:-**

- વિધાનસભા-૬૯ ના જુદા-જુદા વોર્ડ માં લોકો ની સુવિધા માં સતત વધારોથાય તે ધ્યાને લઈ પેવીંગ બ્લોક ના કામો, બાકડાની ફાળવણી, નવા લાઈટ માટેના પોલ નાખવા, રોડ રસ્તા નવા બનાવવા, ફુટપાથના કામોકરવા, કુલર,વોટરપ્યુરીફાયર,શૈક્ષણિક સાધનોરમતગમતના સાધનો તેમજ કોમ્પ્યુટરસીસ્ટમ અપાવવા ગાર્ડન લગત, જળસંરક્ષણ લગત, ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ લગત,શિક્ષણ તથા આરોગ્ય લગત, જેવી અનેક વિવિધ કામગીરી માટે ધારાસભ્યશ્રી ની ગ્રાન્ટ ફાળવેલ છે. વિધાનસભા-૬૯ વિસ્તારમાં ૮૦૦ કરોડથી વધુના અનેકવિધ વિકાસના કામો થયેલ છે.
- બજરંગવાડીમાંઆરોગ્ય કેન્દ્ર
- અરવિંદભાઈમણિયાર હોલતેમજ જયુબેલી ગાર્ડનનુ રીનોવેશન.
- આર્ટગેલેરીનુ નવીનીકરણ.
- ફૂટબોલ ગ્રાઉન્ડઅને હોકી ગ્રાઉન્ડ વચ્ચે વ્યુઈંગ ગેલેરી બનાવી.
- જુદા જુદા વોર્ડમાં ડી.આઈ.પાઈપ નાખવી.
- ડામર કાર્પેટ,રીકાર્પેટના કામ,પેવીંગબ્લોકના કામ.
- વોંકળાપાકા કરવાતેમજ બોક્ષ કલવર્ટના કામ.
- વોટર વર્કસ,STP,ડ્રેનેજ લગત કામ.
- હોમી દસ્તુર માર્ગના છેડે નવા નાલા બનાવાનુ.
- KKV સેકન્ડ લેવર ફ્લાઈ ઓવર બ્રીજની કામગીરી પૂર્ણ
- વોર્ડ-૧ માં કોમ્યુનીટી હોલ.
- સાંઢીયાપુલનું નવીનીકરણ.
- વોર્ડ ઓફીસનવી બનાવવાનું કામ તેમજ નવીનીકરણ ના કામ.
- રોટરીલાઈબ્રેરીને એક્સટેન્શન નું કામ
- અટલ સરોવર તેમજ નવી ૫૦૦ બેડની મધર અને ચાઈલ્ડ હોસ્પીટલનું લોકાર્પણ
- એનિમલ હોસ્ટેલની રજૂઆત.
- હાઈજેનીક ફૂડ કોર્ટની રજૂઆત.
- સ્ટ્રોમ વોટર પાઈપલાઈનના કામો
- નવા T.P. રોડબનાવવાના કામ
- શ્રોફ રોડ લાઈબ્રેરીનું નવીનીકરણનું કામ
- જડુસ ચોક પર ફ્લાઈ ઓવર બનાવવાનું કામ પૂર્ણ.
- મહિલા હોકાર્સ ઝોનને સુવિધા સભર કરવાના કામો
- સબરજીસ્ટાર કચેરીના નવીનીકરણની સફળ રજૂઆત.
- પોલીસહેડક્વાર્ટસમાં ક્વાટર્સ બનાવવાનું કામ.
- બહુમાળીભવન ખાતે પેન્શન પેમેન્ટ ઓફીસ વિસ્તૃતીકરણ તથા નવીનીકરણ કરાવવાનું કામ.
- જુદા-જુદા લોકહિતનાપશ્નો સંદર્ભ સરકારશ્રી માંરજુઆત કરેલ છે.
- રાજકોટ મહાનગરપાલિકા માંવિધાનસભા-૬૯ માંઆવતાજુદા-જુદા વોર્ડના રાજકોટ મહાનગરપાલિકાના જુદા-જુદા પ્રશ્નો સંદર્ભ મ્યુ.કમિશ્નરને સફળરજુઆત કરેલ.
- PGVCL નામાધ્યમથી નવાટ્રાન્સફોર્મર,ફીડર અનેસોલારની કામગીરીકરેલ છે.

**(૨) આરોગ્યઅનેશિક્ષણ:-**

- સંગીતનૃત્ય અનેમહાવિધાલય નાઅટકેલ પરીણામબાબત સફળ રજુઆત કરેલ.
- સિવિલ હોસ્પિટલ,આંગણવાડી,પદ્મકુંવરબા હોસ્પિટલ,એઈમ્સ તેમજ આરોગ્ય કેન્દ્ર,સાયન્સસેન્ટર, નગર પ્રાથમિકશિક્ષણ સમિતિ ની શાળાઓની રેગ્યુલર મુલાકાત લઈને તેના જુદા-જુદા પ્રશ્નો સંદર્ભનિરાકરણ કરવાસતત પ્રયાસકરેલ છે.
- વિધાનસભા-૬૯ વિસ્તારમાં કુપોષણ મુક્ત અભિયાન અંતર્ગત બાળકોને દતક લીધેલ છે.
- એઈમ્સ હોસ્પિટલ ખાતે ચાંદીપુર વાઈરસ તથા ચોમાસાની ઋતુ સંદર્ભમુલાકાત કરેલઅને દર્દીઓને કોઈ હાલાકી ન રહે તેબાબત જરૂરીસૂચનો કરેલ.
- લોકોનું આરોગ્ય લક્ષમાંલઈ ટી.બી. સેન્ટરની મુલાકાતલઈ જુદી જુદી માહિતી મેળવેલ તથા જરૂરી સૂચનો કરેલ.
- સરકારશ્રીના શાળા પ્રવેશોત્સવમાં સક્રિયતાથી ભાગ લીધેલ.
- વિધાનસભા વિસ્તારમાં નવી આંગણવાડી,આરોગ્ય કેન્દ્ર તેમજ શાળા બનાવવા સંદર્ભ સફળરજૂઆત કરેલ.
- GMERS કોલેજમાં ફી વધારાને લઈ સરકારશ્રીમાં સફળ રજૂઆત કરેલ.
- ડાયાલીસીસ નાચાર્જીસ સંદર્ભ આરોગ્ય મંત્રીસાથે PMJAY મા સફળનિરાકરણ લાવેલ.
- યોગને પ્રોત્સાહન આપવા માટે જુદા જુદા વિસ્તારમાં ગુજરાત યોગબોર્ડના માધ્યમથીકાર્યક્રમો,કેમ્પ,ક્લાસ શરુ કરાવેલ તેમજ યોગસેન્ટર શરુ કરાવેલ.
- પદ્મકુંવરબાહોસ્પિટલમાં નવીનીકરણ મંજુર કરાવેલ.
- સિવિલ હોસ્પીટલમાં MRI તેમજ CT Scan વિભાગશરુ કરવાની સફળરજૂઆત કરેલ.
- સિવિલહોસ્પિટલમાંબ્લડ બેંકમાંજરૂરિયાતસાધનોસંદર્ભ સફળ રજૂઆત.
- સિવિલ હોસ્પીટલમાં બર્ન્સ તેમજ પોસ્ટ મોર્ટમ રૂમના વિભાગ અંગે સફળનિરાકરણ કરેલ.
- સિવિલ હોસ્પીટલમાં જરૂરિયાતમંદોને ભોજન ની વ્યવસ્થામાં સહયોગ આપેલ.
- આંગણવાડીમાંચીકી,પતંગ,ફટાકડા વિતરણમાં સહયોગ આપેલ.
- સિવિલહોસ્પિટલ માટે ૪૦૦ બેડનીનવી હોસ્પિટલખાતે મજુર કરાવવા સફળરજૂઆત કરેલ.
- નેફ્રોલોજીસોસાયટીના પ્રશ્નો સંદર્ભ સરકારશ્રીમાંસફળ રજૂઆત કરેલ
- સીટી સ્કેન તથા M.R.I. મશીન સિવિલ હોસ્પિટલખાતે મંજુર કરાવેલ.
- સિવિલ હોસ્પિટલ બ્લડબેંક માં ૧૫ લાખના ખર્ચે ઓટોમેટેડ મશીનમંજુર કરાવેલ.
- સિવિલ હોસ્પિટલખાતે અંદાજીતબે કરોડખર્ચેરોડ મંજુર કરાવેલ.
- સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટે ન્યુરોલોજી વિભાગમાં ૧૫ લાખની સાધન સહાય ફાળવેલ.
- સિવિલહોસ્પીટલના જુના બિલ્ડીંગનીનવીનીકરણની રજૂઆત કરેલ.
- ગુજરાતની પ્રથમ કેથલેબ સિવિલ હોસ્પીટલમાંશરુ કરાવે.
- જનઔષધી કેન્દ્રની પ્રવૃતિને પ્રોત્સાહન આપવાસતત કાર્ય કરેલ.
- સી.બી.એસ.સી. અને ગુજકેટની પરીક્ષાની તારીખ એક થતા ઉમેદવારોની રજૂઆત અન્વયે બંને પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાવવાની ઉચ્ચ કક્ષાએ સફળરજૂઆત કરેલ.
- નીટની પરીક્ષામાં ફોર્મની તારીખ લંબાવવા સફળ રજૂઆત.
- ડોક્ટર્સ તથા મેડીકલ સ્ટાફની સલામતી બાબત.સરકારમાં રજૂઆત કરેલ.
- કુલર,વોટરપ્યુરીફાયર ,જરૂરી શૈક્ષણિક સાધનો, કોમ્પ્યુટર, રમતગમતના સાધનો માટે શાળા તેમજ આંગણવાડીમાં ગ્રાન્ટ ફાળવેલ.
- જનાનાસિવિલ હોસ્પીટલમાંજળસંચય-જળસંરક્ષણની કામગીરી કરાવેલ.
- સિવિલ હોસ્પિટલ ખાતે સબસ્ટેશન બનાવવાનું કામ.
- સિવિલ હોસ્પિટલખાતે નવુંવન સ્ટોપ સેન્ટર બનાવવાનું કામ

**(૩)ટ્રાફિક અનેટ્રાન્સપોર્ટેશન :-**

- રાજકોટ દાહોદ રાત્રી બસની સ્લીપિંગ કોચની સુવિધા મંજુર કરાવેલ.
- રાજકોટ અમદાવાદ ફલાઈટ શરૂ કરવા સફળરજુઆત કરેલ.
- રાજકોટ થી હીરાસર એરપોર્ટ પહોચવા મુસાફરો ને હાલાકી ન રહે તે ધ્યાનેલઈ AC બસ ચાલુ કરાવેલ.
- ટ્રાફિક સલામતી અને વ્યવસ્થા સંદર્ભ વિવિધ રજુઆતકરેલ છે.
- રાજકોટ ગાંધીનગર વોલ્વો બસની ફિકવન્સી વધારવા રજૂઆત કરેલ.
- નવીકોર્ટ ખાતેસીટી બસસેવાચાલુ કરવા સફળરજૂઆત કરેલ.
- વિસ્તારવાસીઓ ની રજુઆત ધ્યાને લઈ રાજકોટ જામજોધપુર ST બસ પંચાયતનગરથીશરુ કરવાસફળ રજૂઆતકરેલ.
- રાજકોટ શહેરની ટ્રાફિકની સમસ્યા ધ્યાને લઈ મોટા સર્કલોને નાના કરવાસફળ રજૂઆત કરેલ.ટ્રાફિક સમસ્યા મહદઅંશે હળવી બનેલ છે.
- ઓધોગિક તાલીમ સંસ્થા ડીસેબલ તથા મહિલા ઓધોગિક સંસ્થાની બહેનોમાટે સીટી બસ ચાલુ કરાવેલ.
- એઈમ્સહોસ્પિટલ પાસે બસસ્પોટ મંજુર કરાવેલ છે.
- ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને અકસ્માત નિવારણ માટે નવા ટ્રાફિકસિગ્નલ મુકવા,સ્પીડબ્રેકર મુકવા,રોડ બ્લીકર્સ લગાવવા રજૂઆત અને જન જાગૃતિના કાર્યક્રમમાં સહયોગઆપેલ છે.
- રાજકોટ-અમદાવાદ વંદે ભારત ટ્રેન શરુ કરવાસફળ રજૂઆત કરેલ તેમજ રાજકોટ માટે વિવિધ નવા રૂટની ટ્રેન શરુ કરવા રજુઆતકરેલ તેમજ રેલ્વે વિભાગલગતી લોકોનીસમસ્યા માટે અધિકારી સાથેમીટીંગ કરીપ્રશ્નોનું નિરાકરણ કરેલ છે.
- સુરક્ષા અને સલામતીને ધ્યાનેલઈને વિવિધવિસ્તારોમાં સીસીટીવી કેમેરાનીસહાય આપેલ.
- ટ્રાફિકસમસ્યા નેલગતા રસ્તાપરના દબાણહટાવવાની કામગીરી સંદર્ભ જરૂરીકાર્યવાહી કરાવેલ.
- દુરંતોએક્સપ્રેસને બોરીવલી સ્ટોપઆપવા સાંસદશ્રી ને રજૂઆત કરેલ.
- ઉતરાંચલ એક્સપ્રેસ અઠવાડિક ચાલે છે તેને દૈનિક ચાલુ કરવા રજૂઆત.
- રાજકોટ-દિલ્હીઅઠવાડિયામાં ૩દિવસે કરવામાંઆવે રજૂઆત.
- સાબરમતીરેલ્વે રીડેવલપમેન્ટનું કામ પૂર્ણ થયેલ છે રાજકોટ થી ઉપડતી ટ્રેનોનેકાલુપુર ઉભીરહે છેતેને સાબરમતીસ્ટોપઆપવામાં આવે રજૂઆત.
- સોમનાથ થી અયોધ્યા નવી ટ્રેન ૪ દિવસ આપવામાં આવે તેવી રજૂઆત
- આમ્રપાલી અંડરબ્રીજ પર વોક-વેના પ્રશ્નોનું નિરાકરણ કરેલ.

**(૪) સ્વચ્છતા ,પર્યાવરણ, જીવદયા:-**

- જીવિત પશુઓની નિકાસ બંધકરવા સફળરજુઆત કરેલ.
- એક પેડમાં કે નામ વૃક્ષારોપણ કરવા શહેરીજનોને આહવાહન કરેલઅને મોટીસંખ્યામાં જુદાજુદા વોર્ડમાંવૃક્ષારોપણ કરાવેલ.
- ગ્રીનસીટી બનાવવાના ઉદેશથી વિધાનસભા-૬૯માં જુદા જુદા વોર્ડમાં રોપા વિતરણ, તથા ચકલીના માળા તેમજ પાણીના કુંડા વિતરણ કરેલ.
- સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિધાનસભા-૬૯ના જુદા જુદા વોર્ડમાં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ માંથી મોટી ડસ્ટબીન વિતરણ કરેલ.તેમજ સફાઈઝુંબેશ તેમજ જનજાગૃતિના કાર્યક્રમ કરેલ.
- જળ સંચય,જળ સંગ્રહ લગત સફળરજૂઆત કરીનેપાણી બચાવો અભિયાનને વેગવંતુ બનાવીને વિસ્તારમાં સામાજિક સંસ્થાના સહયોગથીચેકડેમ બનાવેલ.
- પાંજરાપોળ અને ગૌશાળા માં નિયમિત અનુદાન આપેલ.
- બકરી ઈદ ના દિવસે જુદી જુદી સંસ્થાઓના સહયોગ થી પશુ જીવબચાવેલ.
- પર્યુષણ પર્વ દરમિયાન કતલખાના બંધ રાખવા સફળ રજૂઆત કરેલ.
- લમ્પી વાઈરસ રોગ સંદર્ભ પશુઓને યોગ્ય સારવાર માટે સ્થળ મુલાકાતલઈ જરૂરીસુચના આપેલ.
- મૃતપશુઓના દફન માટે યોગ્યવ્યવસ્થા કરવાજરૂરી માર્ગદર્શન આપેલ.
- વોંકળાની સફાઈ તથા સ્વચ્છતા અનુલક્ષી માટે રિટેઈનિંગ વોલ,પતરા તેમજ પાકા કરવાની સહાય આપેલ.
- જયુબેલીગાર્ડનનું રીનોવેશનનીરજૂઆતકરેલ.
- મકરસંક્રાંતિ નિમિતે ચાઈનીઝ દોરાતથા પક્ષીઓને ઈજા ન થાય તે માટે સાંજે પતંગ ન ઉડાડવાસંદર્ભ રજૂઆત કરેલ.
- ગૌવંશ,ગૌમાસ ના કેસો પરિપત્ર ફેર વિચારણા કરવા રજૂઆત.
- સરકારી બિલ્ડીંગોમાં રૂફટોપ સોલાર સીસ્ટમ મુકવા બાબત રજૂઆત કરેલ.
- અબોલપશુઓ માટે કલીનીક ચાલુ કરવારજૂઆતકરેલ.
- પિંક ટોયલેટ બનાવવા કાર્યવાહીકરવા સબધીતવિભાગને સુચના આપેલ.
- પાંજરાપોળ ગૌશાળા સબસીડી રૂ.૩૦ ને બદલે રૂ.૫૦ કરવા બાબત સફળ રજૂઆત.
- પશુએમ્બ્યુલન્સ બાબતે રજૂઆત કરેલ.

**(૫) કેમ્પ:-**

- સરકારશ્રી ની જુદી-જુદી યોજનાનોઓ નો લાભ વધુ ને વધુ શહેરીજનો લાભ લઈ શકે તે ધ્યાને લઈ એઈમ્સ હોસ્પિટલના સહયોગથી નિઃશુલ્ક મેગા સર્વરોગ ની નિદાનકેમ્પ (દવા સાથે) નું આયોજન કરેલ જેમાં છાતી, ફેફસાના નિષ્ણાંત હાડકાના, સ્ત્રીરોગના, નાક,કાન, ગળાના, આંખના, જનરલ સર્જરી, જનરલ મેડીસીન, ચર્મરોગ, બાળરોગ, નિષ્ણાંત ડોકટરો એ સેવા આપેલ તેમજ ૧૨૦૦થી વધુલાભાર્થીઓ એ આ કેમ્પ નો લાભ લીધેલ.
- માનનીયશ્રીનરેન્દ્રભાઈ મોદીના જન્મદીવસની ઉજવણી અંતર્ગત આયુષ્યમાન ભારત કાર્ડ કેમ્પ તેમજ સરકારશ્રી ની જુદી-જુદી યોજનાઓજેમ કેમહિલા સન્માન બચત યોજના, સુકન્યા સમૃધ્ધી યોજના, અટલ પેન્શન યોજના,શ્રમિક સુરક્ષાયોજના,પ્રધાનમંત્રી જનધન યોજના, વીમા સુરક્ષા યોજના, PM સ્વનિધિયોજના, વિશ્વકર્માયોજના, જેવીયોજનાઓનો કેમ્પનું પણઆયોજન કરેલ આ કેમ્પમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અંતર્ગત આ યોજનાનું પ્રથમપ્રીમીયમ ધારાસભ્ય ડૉ.દર્શિતાશાહે ભરેલ તેમજ ખુબજ બહોળી સંખ્યામાં આ યોજનાનો લાભ શહેરીજનો એ લીધેલ.
- મદદનીશ નિયામક રોજગાર કચેરીના સહયોગ થી યુવાનો ને રોજગારી મળેતેવા આશયથી રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ આ રોજગાર મેળામાં ૨૦ થી ૨૫ મોટી-મોટી કંપનીઓ ઉપસ્થિત રહેલ તેમજ લાયકાત મુજબ જરૂરીયાત મંદો ને રોજગારી આપવામાંઆવેલ આ ભરતી મેળામાં ૮૦૦ ઉપરાંત યુવાનોને લાભ રોજગારીનો મળેલ.
- શહેરીજનો ચુંટણી માં મતદાન માટે વધુને વધુ જાગૃત થાય તેવા આશય થી કલેકટર કચેરી નાસહયોગથી મેગા ચુંટણીકાર્ડ કેમ્પ નું પણ આયોજન કરવામાંઆવેલ જેમાં ૮૦૦ ઉપર લાભાર્થી એ લાભ લીધેલ તેમજ ભવિષ્યમાં વિધાનસભા-૬૯ માં જુદા-જુદા વોર્ડ માંઆવા મતદાર યાદી કેમ્પ નું આયોજન કરવા ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ સતત પ્રયત્નશીલ છે.
- પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજનાનો જનસેવા કાર્યાલય ખાતે કેમ્પ શરુ કરેલ તેમાં ૬૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધેલ.
- ૭૦વર્ષથી ઉપરના સીનીયર સીટીઝન માટે આયુષ્માન કાર્ડ કેમ્પ દરરોજ જનસેવા કાર્યાલયખાતે શરુ કરેલ છે.તેમજ અલગ અલગ સોસાયટી તેમજસામાજિક સંસ્થાઓ સાથે પણ બહોળી સંખ્યામાં કેમ્પયોજેલ છે.
- RTE માર્ગદર્શન કેમ્પ વાલીઓ માટે જનસેવા કાર્યાલય ખાતે કરેલ જેમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહેલ. તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ.
- પ્રધાનમંત્રી સુર્યઘર યોજનાના કેમ્પનું PGVCL ના સહયોગથી આયોજન કરેલ.
- સરકારશ્રીની જુદી જુદી યોજનાઓનો લાભ લોકો સુધી પહોચે અને મહતમ ઉપયોગ કરે તે ધ્યાને લઈ જનસેવા કાર્યાલય ખાતે સેમીનાર રાખેલ અને લોકોને માહિતગાર કરેલ.જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધેલ.
- જનસેવાકાર્યાલય ખાતેમહિલા લક્ષીજુદી જુદીયોજનાના તેમજ મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે મહિલા માર્ગદર્શન કેમ્પ,મહિલા આઈ.ટી.આઈ., બેંક ઓફ બરોડા,પ્રોજેકટ શાખા આર.એમ.સી.,મહિલા તથા બાળ વિકાસ વિભાગ ના સહયોગ થી કરેલ અને ૫૦૦થી વધુ મહિલાઓએ કેમ્પનો લાભ લીધેલ.
- બાગાયતી ખેતીલગત મહિલાઓ માટે કેમ્પ યોજેલ.
- રેશનકાર્ડમાં e-KYC સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જીલ્લા વહીવટી તંત્ર સાથે રહી કેમ્પ કરેલ ૭૦૦થી વધુ લાભાર્થીઓએ તેનો લાભ લીધેલતથા જન સેવાકાર્યાલય ખાતેદરરોજ e-KYC ની કામગીરી શરુ કરાવેલ છે.
- પ્રધાનમંત્રીશ્રીના વીમા સખી યોજના અંતર્ગત મહિલાઓ માટે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરેલ છે,જેથી બહોળી સંખ્યામાં બહેનોને રોજગારઆપી આત્મનિર્ભર બનાવી શકાય.

**(૬)કાર્યાલય:-**

- ધારાસભ્ય ડૉ.દર્શિતાશાહ દ્વારા જરૂરીયાત મંદ લાભાર્થીઓ માટે પોતાનાજન સંપર્ક કાર્યાલય ખાતેઆયુષ્યમાન કાર્ડ દરરોજ કાઢી આપવામાં આવેછે જેનો બહોળી સંખ્યામાં લાભાર્થી ઓ લાભ લે છે.
- વિધાન સભા-૬૯ માં માનનીય મુખ્યમંત્રી રાહતફંડ માંથી ૨ કરોડથી વધુ સહાય પત્રો આપેલછે.તેમજ મંજુર થયેલ તથા પ્રક્રિયામાં છે.
- ૩૦,૦૦૦થી વધુ જુદા જુદા વોર્ડના શહેરીજનો તથા કાર્યકર્તાશ્રીઓએ જનસેવા કાર્યાલયનો સંપર્ક કરેલ છે.
- સરકારશ્રીની જુદી જુદી યોજનાઓનો લાભ લોકો સુધી પહોચે અને મહતમ ઉપયોગ કરે તે ધ્યાને લઈ જનસેવા કાર્યાલય ખાતે જુદાજુદા સેમીનારોરાખેલ છે અને લોકોનેમાહિતગાર કરેલ.જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધેલ છે.
- લાભાર્થીઓને e-KYC તેમજ સરકારની વિવિધ યોજનાની માહિતી કાર્યાલય પરથીઆપવામાં આવેલ છે.
- નોકરી વાચ્છુક રોજગાર લક્ષી માહિતી અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવા કાર્યાલય ખાતે માર્ગદર્શન આપવામાં આવે છે.
- ધારાસભ્ય એ તેમનું જનસંપર્ક કાર્યાલય ૨૪ કલાકમાટે કાર્યરત કરેલ છે તેમજ શહેરીજનોમાટે આવકનાદાખલા ઓળખાણના દાખલા,રેલ્વે VIP કોટાપત્ર તથા ભલામણ પત્રકાર્યાલય ખાતેથી આપવામાંઆવે છે.

**(૭)વિવિધરજુઆતો:-**

- રાષ્ટ્રીય અન્નસલામતી કાયદા હેઠળ લાભાર્થીઓને સમાવવા સુરકારશ્રી માંરજુઆત કરીફોર્મ નીમુદતલંબાવીસફળ રજુઆત કરેલ.
- ગુજરાતહાઉસિંગ બોર્ડધારકોની રજુઆતલઈ પેનલ્ટીમાફી ની સફળરજુઆત કરેલ.
- લોકો નાપ્રશ્નો સંદર્ભેવોટસન મ્યુઝીયમ,જુદા-જુદાગાર્ડનો, જિલ્લા કલેકટર કચેરી, પોલીસના લોકદરબારમાં,મામલતદાર કચેરી, ઈન્દોર સ્ટેડીયમ, સીટી સિવીક સેન્ટર, ન્યારીડેમ સાઈડ,અટલ સરોવર,અન્ન પુરવઠા વિભાગ ની દુકાનો તેમજ ગોડાઉન,PGVCLની કચેરીઓવિગેરેસ્થળો નીમુલાકાત લઈ જુદા-જુદા પ્રશ્નો સંદર્ભ સંબંધિત અધિકારી સાથે મીટીંગ કરીને નાનામોટા પ્રશ્નોનુંનિરાકરણ કરેલ.
- મતદાતા ને તકલીફ ન પડે તે માટે વિધાનસભા-૬૯ ના શક્તિકેન્દ્રનાસરળીકરણની કાર્યવાહી કરેલ.
- અયોધ્યામાંરામ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ગુજરાત સરકારશ્રીમાં કચેરીઓમાં અડધા દિવસની રજા રાખવા સફળ રજુઆત કરેલ છે.
- ગુજરાત કોમનએડમીશન સર્વિસરજીસ્ટ્રેશન પોર્ટલ સંદર્ભ સફળ રજૂઆતકરી પોર્ટલ પુનઃશરુ કરાવેલ.
- GPSC દ્વારા રૂ.૨૦૦૦/- ઉપરની રકમ ઓનલાઈન જ લેવા પરિપત્રસંદર્ભ લોકોની સરકારશ્રી માંરજૂઆત કરીઆ પરિપત્રમાં સુધારો કરીચેક અને રોકડાથી રકમ લેવા સફળરજૂઆત કરેલ.
- વિધાનસભા-૬૯માં આવતા જુદા જુદા વોર્ડના અશાંતધારા સંદર્ભની રજૂઆતોકરેલ અનેકડક અમલીકરણપણ કરાવેલ.
- ધ કેરેલા સ્ટોરી ફિલ્મને ગુજરાતમાં કરમુક્ત કરવા પણ સફળ રજુઆત કરેલ.
- ધસાબરમતી રીપોર્ટ ફિલ્મને કરમુક્ત કરવા સફળરજૂઆત કરેલ.
- વિવિધ ધાર્મિક દેવસ્થાનોને ટેક્ષમુક્ત કરવા સફળરજૂઆત અને તેમના વિકાસ માટે યોગ્ય સહાય મંજુર કરાવેલ.
- યુવાપેઢીને નશામુક્ત કરવાવિવિધ વિસ્તારોમાંદારુ-ડ્રગ્સનું વહેચણ અટકાવેલ તેમજ જનજાગૃતિના કાર્યક્રમમાંસહયોગઆપેલ.
- રાજકોટના હેરીટેજ સમા જામટાવરને નવીનીકરણની સફળ રજૂઆત કરેલ.
- વોટસનમ્યુઝીયમના નવીનીકરણનીસફળરજૂઆત.
- વિવિધ લાઈબ્રેરીમાં પુસ્તકદાન આપી યોગદાન આપેલ.
- જરૂરીયાતમંદોનેવસ્ત્રદાન તેમજ રાશન કીટનું વિતરણ કરેલ.
- ખેલકુદને પ્રોત્સાહન આપવા રાજકોટ સ્પોર્ટ્સ સેન્ટરના પ્રશ્નોનું નિરાકરણ કરેલ અને સુવિધામાં વધારો કરવા સતત પ્રયત્ન કરેલ.તેમજ સહાય આપેલ.
- સાયકલોથોન,વોકાથોન અને મેરેથોન વિગેરેસ્પર્ધામાં સક્રીયાતાથી ભાગ લીધેલ.
- લોઠડા,કડવાલા,પીપલાણા ઈન્ડસ્ટ્રીઝ ઝોન માટે સરકારશ્રી માં રજૂઆતકરેલ છે.
- જૈન સાધુ-સાધવીના ઉપાશ્રય પ્રશ્ન સંદર્ભે સફળ રજૂઆત.
- સીનીયર સીટીજનોને સરકારશ્રીની યોજનાઅંતર્ગતશ્રવણ યાત્રા મંજુર કરાવેલ.
- કન્યા છાત્રાલયના વિકાસ બાબતસહાય કરેલ.
- PWD ના જર્જરિત કવાટર્સના નવીનીકરણ કરવા સંદર્ભ સરકારશ્રીમાંરજૂઆત.
- RSEIT સેન્ટર ખાતે તાલીમ વર્ગોને પ્રોત્સાહન આપેલ અને તેનાવિકાસ માટે સહાય કરેલ.
- કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપનાર કાર્યક્રમોમાટે અનુદાનની સફળભલામણ કરેલ.

આ ૨ વર્ષ માં તમામ લોકોનો ખુબજ સાથ અને સહકાર મળેલછે નાના માંનાના લોકોનાપ્રશ્નો ઉકેલવાસતત પ્રયત્ન કરેલ છે તેમજ આતંકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ,કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ,ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડડા સાહેબ,ગુજરાત રાજ્ય ના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ગુજરાત ભાજપ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબ ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશના હોદેદારશ્રીઓ, સંગઠનના હોદેદારશ્રીઓ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી, રાજકોટ શહેર ભાજપ સંગઠન ના તમામ હોદેદારશ્રીઓ, સમાજના શ્રેષ્ઠીશ્રીઓ તમામ શ્રેણીના કાર્યકર્તાશ્રીઓ,સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાઅધિકારીશ્રીઓ, તમામ વિભાગોના અધિકારીશ્રીઓ, તથા કર્મચારીઓ તથા તમામ ઈલેક્ટ્રોનિક પ્રિન્ટ મીડિયાના તમામ લોકોનો તેમજ તમામ શહેરીજનોને હુ આભાર માનુ છુ. ભવિષ્યમાં પણ રાજકોટ શહેરનાવિકાસમાં આપસર્વેના સહયોગથી ઉતરોતર વિકાસશીલકાર્ય કરવા,વિકસિત ગુજરાતના વિકસિત ભારતના સંકલ્પને પરીપૂર્ણ કરવાપ્રતિબધ્ધતાની ખાતરી આપું છુ.ફરી આપ સર્વેને આભાર સાથે વંદન.



## SSB જવાનો સરહદી વિસ્તારના યુવાનોને તાલીમ આપીને સ્વરોજગારને પ્રોત્સાહન આપી રહ્યા છે

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના સિલિગુડી ખાતે સશસ્ત્ર સીમા બલ (SSB) ના ૬૧મા સ્થાપના દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર આયુષ્માન કાર્ડ, બેરેક, CAPF ઈ-હાઉસિંગ, શિષ્યવૃત્તિ જેવી યોજનાઓ વડે CAPF કર્મચારીઓના જીવનને સરળ બનાવી રહી છે







### કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઈન્ટીગ્રેટેડ ચેક પોઈન્ટ (ICP) અગરતલા અને પેટ્રાપોલ ખાતે BGF ના નવા બનેલા રહેણાંક સંકુલનું ઈ-ઉદઘાટન કર્યું

કમલમ્

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પશ્ચિમ બંગાળમાં સિલિગુડી ખાતે સશસ્ત્ર સીમાદળ (એસએસબી)ના ૬૧મા સ્થાપના દિવસના સમારંભમાં હાજરી આપી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રીએ પેટ્રાપોલમાં ઈન્ટિગ્રેટેડ ચેક પોઈન્ટ (આઈસીપી) અગરતલા અને બીજીએફના નવનિર્મિત રહેણાંક સંકુલનું ઈ-ઉદ્ઘાટન પણ કર્યું હતું. આ પ્રસંગે ડાયરેક્ટર (આઈબી), બોર્ડર મેનેજમેન્ટ, ગૃહ મંત્રાલયનાં સચિવ, એસએસબીનાં ડીજી અને અન્ય કેટલાંક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. પોતાના સંબોધનની શરૂઆતમાંકેન્દ્રીય ગૃહ મંત્રીએ દેશની સરહદોની સુરક્ષા અને પૂર્વી વિસ્તાર માંથી ડાબેરી ઉગ્રવાદને નાબૂદ કરવામાં પોતાના જીવનનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોનેશ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ગૃહ મંત્રીએ શહીદોના પરિવારજનોને કહ્યું કે તેમના વીર સપૂતોના બલિદાને દેશને એક નવું જીવન, ઉર્જા અને ઉત્સાહ આપ્યો છે અને સમગ્રદેશને તેમનાપર ગર્વ છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ૬૧ વર્ષમાંએસએસબીને ૪૫દ્મશ્રી, ૧ કીર્તિચક્ર, ૬ શૌર્ય ચક્ર, ૨ રાષ્ટ્રપતિ વીરતા મેડલ, ૨૫ પોલીસ વીરતા મેડલ અને ૩૫ વીરતા મેડલ પ્રાપ્ત થયા છે.તેમણે કહ્યુંકે એસએસબી દ્વારા પ્રાપ્ત આ રાષ્ટ્રીય સ્તરના સન્માનો બતાવે છે કે એસએસબી જવાનો તેમની ફરજો નિભાવવા માટે કેટલા નિર્ધારિત છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, સશસ્ત્ર સીમા દળે ભારતનાં સરહદી ગામડાંઓની સંસ્કૃતિ, ભાષા અને સમૃદ્ધ વારસાને દેશની મુખ્યધારા સાથે જોડવાનું વિશિષ્ટ કાર્ય કર્યું છે. તેમણે કહ્યુંહતું કે, એસએસબીએ તેની ફરજો મારફતે "સેવા, સુરક્ષા અને બંધુત્વ"નું સૂત્ર પૂર્ણ કર્યું છે. તેમણેકહ્યુંકે એસએસબીએ નેપાળ અને ભૂટાન સાથેવિશ્વાસ, વિરાસત અને મિત્રતાની પરંપરાને આગળ વધારી છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીએએક બોર્ડર, એક ફોર્સની નીતિ અપનાવી હતી, ત્યારબાદ એસએસબીને નેપાળઅને ભૂટાન સાથે જોડાયેલી સીમાની સતર્કતા અને સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૬૩માં તેની સ્થાપના થઈ ત્યારથી લઈને અત્યાર સુધી એસએસબીએ સરહદી ગામડાઓમાં ભારત સાથે દેશભક્તિ અનેજોડાણની ભાવના પેદા કરી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, દેશવાસીઓને તેમની સુરક્ષાની ખાતરી આપવામાં આવે છે, કારણ કે એસએસબીનાં જવાનો નેપાળ અને ભૂતાન સાથેની ભારતની ૨૪૫૦ કિલોમીટર લાંબી સરહદ પર રક્ષક તરીકે ઊભા છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ૬૧ વર્ષનાં પોતાનાં ગૌરવશાળી ઇતિહાસમાં એસએસબીએ સેવા, સુરક્ષાઅને બંધુત્વનાંસૂત્રને સાકાર કર્યું છે તથા દેશસેવાની ભાવના, ભક્તિ અને રાષ્ટ્ર પ્રથમનાં છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, એસએસબીના જવાનોએ ખૂબ જ સક્રિયપણે સરહદ પર નશીલા દ્રવ્યોની દાણચોરી, માનવ તસ્કરી, શસ્ત્રોની દાણચોરીઅને દેશવિરોધી તત્ત્વોની ઘૂસણખોરી અટકાવી છે. તેમણે કહ્યું કે એસએસબીએ સીઆરપીએફ અને સ્થાનિક પોલીસ દળ સાથે સંકલન કરીને સમગ્ર પૂર્વીય વિસ્તારને નક્સલ મુક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, એસએસબીએ લગભગ ચાર દાયકા પછી બિહાર અને ઝારખંડને નક્સલમુક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું હતું કે, સિલિગુડી કોરિડોર પૂર્વ ભારતનું અતિ મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે અને અહીં એસએસબીની તૈનાતી સમગ્ર દેશ માટે આશ્વાસન અને આત્મવિશ્વાસનું કારણ છે. તેમણે કહ્યું કે એસએસબીની તકેદારીને કારણે અમે પૂર્વ વિસ્તારમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવામાં સફળ રહ્યા છીએ. શ્રી અમિત શાહે જણાવ્યું હતુંકે, જ્યારે ભારત અને નેપાળ વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોનાં ગૌરવનુંસન્માન કરવામાંઆવે છે, ત્યારે એસએસબી દ્વારા નો મેન્સ લેન્ડમાં થયેલાં ૧૧૦૦થી વધારે અતિક્રમણોને દૂર કરવા એ એક મોટી ઉપલબ્ધિ છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, સરહદથી ૧૫ કિલોમીટરની અંદર સરકારી જમીન પર અતિક્રમણ સામે એસએસબીએ છેલ્લાં ૩ વર્ષમાં ઝીરો-ટોલરન્સ નીતિઅપનાવી છે. તેમણે કહ્યું કે એસએસબી હજારો એકર સરકારી જમીનને અતિક્રમણથી મુક્ત કરવામાં સફળ રહી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે,એસએસબી ઝીરો-ટોલરન્સ નીતિ સાથે સરકારી જમીન પરનાં અતિક્રમણને દૂર કરવા, નશીલા દ્રવ્યો, શસ્ત્રો, વન્યજીવન, વનપેદાશો અનેબનાવટી ચલણની દાણચોરીઅટકાવવા સતત કામ કરે છે. તેમણે કહ્યું કે એસએસબીએ ૪,૦૦૦ થી વધુ દાણચોરો, ૧૬૦૦૦ કિલોથી વધુમાદક દ્રવ્યો, ૨૦૮ શસ્ત્રો અને મોટી માત્રામાં દારૂગોળો જપ્ત કર્યો છે. તેમણે કહ્યું કે એસએસબીએ ૧૮૩ માનવ તસ્કરોની ધરપકડ કરી છે અને ૨૩૧ છોકરીઓ સહિત ૩૦૧ પીડિતોને બચાવ્યા છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, એસએસબીએ મહિલાઓનાં ગૌરવનું રક્ષણ કરવામાંચોક્કસ પણે મોટી ભૂમિકા ભજવી છે.શ્રી અમિતશાહે જણાવ્યું હતું કે, એસએસબીએ આતંકવાદ પ્રભાવિત જમ્મુ અને કાશ્મીરમાં પણ સંપૂર્ણ સતર્કતા સાથે પોતાની ફરજ અદા કરી છે. તેમણે કહ્યું કે જમ્મુ કાશ્મીરમાં એસએસબીની તૈનાતીથી તમામ સુરક્ષા દળોને મોટો વેગ મળ્યો છે. ગૃહ મંત્રીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં એસએસબીના જવાનોએ અલગ અલગ ઓપરેશનમાં ૧૯થી વધુ આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા અને ૧૪ આતંકીઓની ધરપકડ કરી. તેમણે એમ પણ કહ્યું હતું કે એસએસબીએ છેલ્લા ૭ વર્ષમાં ૬૦૦ થી વધુ માઓવાદીઓની ધરપકડ કરી છે, ૧૫થી વધુ માઓવાદીઓ માર્યા ગયા છે અને એસએસબીની કાર્યવાહીને કારણે ૨૮ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાનેકહ્યું કેએસએસબીની ફરજો ફક્ત સુરક્ષા પૂરતી મર્યાદિત નથી, પરંતુ દળ વિવિધ રાહત કામગીરીમાં પણ જોડાયું છે અને આપત્તિઓ દરમિયાન સંપૂર્ણ તત્પરતાથી લોકોની મદદ કરી છે. તેમણે કહ્યુંકેપૂર હોય કે ભૂસ્ખલન, આ જવાનોએ પોતાના જીવની પરવા કર્યા વગર અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી હાથ ધરી છે અને દેશના લોકો સાથે ખભેખભા મિલાવીને ઉભારહ્યાછે. શ્રી શાહે જણાવ્યું હતું કે, એસએસબી જવાનોની નિઃસ્વાર્થ સેવા અને દ્રઢ નિશ્ચયથી લાખો લોકોનાં જીવનનુંરક્ષણ થયું છે અને તેનાથી દેશનાં લોકોનાં હૃદયમાં એસએસબી પ્રત્યે સારી લાગણી જન્મી છે. શ્રી અમિતશાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકાર આયુષ્માન કાર્ડ,બેરેક, સીએપીએફ ઈ-હાઉસિંગ અનેસ્કોલરશિપ જેવી યોજનાઓ સાથે સીએપીએફનાં કર્મચારીઓનાં જીવનને વધારે સરળ બનાવીરહી છે. તેમણે કહ્યુંકે છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકારે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ)ના કલ્યાણમાટે ૪૧ લાખથી વધુ આયુષ્માન કાર્ડ બનાવ્યા છે, જેના દ્વારા ૧૬૦૦ કરોડરૂપિયા ચૂકવવામાંઆવ્યા છે. આ સાથે ૧૩ હજાર આવાસ, ૧૧૩બેરેક અને ઈ-આવાસ પોર્ટલ બનાવવામાં આવ્યા છે જેના દ્વારા હજારો મકાનોની ફાળવણી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં સીએપીએફ ઈ-હાઉસિંગ પોર્ટલનો લાભ ૬ લાખ ૩૧હજાર ૩૪૬ ફોર્સના જવાનોને મળી ચૂક્યોછે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે રમતગમતના ક્ષેત્રમાં પણ એસએસબીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયસ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને દેશ માટે ૭૨ ચંદ્રકો જીત્યા છે. તેમણે કહ્યું કે એસએસબીના પ્રશિક્ષિત કર્મચારીઓએ સરહદી વિસ્તારોના યુવાનોને મધમાખી ઉછેર, કમ્પ્યુટર, મોબાઈલ રિપેરિંગ અને ડ્રાઈવિંગ જેવા ઘણા ક્ષેત્રોમાં તાલીમ આપીને સ્વરોજગારી માટે તૈયાર કર્યા છે. આ સાથેનશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત એસએસબીએ પણ ૩૬૦૦૦ જેટલા યુવાનોને નશાની લતના દૂષણ વિશે જાગૃત કરવામાં મોટું યોગદાન આપ્યું છે. ગૃહ મંત્રીએ કહ્યું કેએસએસબીએ સીએપીએફના વૃક્ષારોપણ અભિયાનને આગળ વધાર્યુંછે અનેઅમારા સીએપીએફ જવાનોએ ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૬ કરોડથી વધુવૃક્ષો વાવીને ધરતી માતાની સેવા કરી છે.





કમલમ્

સિધ્ધપુર કાર્યાલય ખાતે માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે ''લોક સંપર્ક'' દરમિયાન અરજદારોની વિવિધ રજૂઆતો પ્રત્યક્ષ સાંભળી, પારદર્શિતાથીસુખદ ઉકેલલાવવા તેમજ ત્વરિત નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા પેન્શન), વય વંદના પેન્શન યોજના, માનવ કલ્યાણ યોજના, કુંવર બાઈ નુ મામેરું, વિદ્યાર્થી સહાય અને આયુષ્માન કાર્ડના ૫૦થી વધુ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો. માન. મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્ર ભાઈ પટેલજીના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા નાગરિકોની રજૂઆતોનો ત્વરિતપણે નિવારણ આવે તેવી તત્પરતા સાથે જનહિતમાં કાર્ય કરવામાંઆવે છે.

# પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનો તફાવત જાણવો ખૂબ જરૂરી છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

### ખેતરના અવશેષ ખેતરમાં જ રહેવા દો તો ખાતરની જરૂર નહીં પડે : શ્રી શ્યામસિંહ રાણા, કૃષિ મંત્રી, હરિયાણા



કમલમ્

રાજ્યપાલશ્રીઆચાર્ય દેવવ્રતજીએ જણાવ્યુંકે, ખેડૂતોમાટે પ્રાકૃતિક ખેતીઅને જૈવિકખેતીવચ્ચેનો તફાવતસમજવો ખૂબજ જરૂરીછે. તેમણે કહ્યું કે, ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતીને જૈવિક કે ઓર્ગેનિક ખેતી સમજીને તેને અપનાવવામાં સંકોચ કરે છે, પરંતુ પ્રાકૃતિક ખેતી સંપૂર્ણપણે ભિન્ન અનેખેડૂતોને અત્યંત લાભદાયી છે.કુરુક્ષેત્ર, ગુરુકુલમાંઆયોજિત પ્રાકૃતિક ખેતી કિસાન ચૌપાલ ચર્ચામાં ભાગ લઈ રહેલા ખેડૂતોને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી પર માર્ગદર્શન આપ્યું હતું. કિસાન ચૌપાલ ચર્ચામાં હરિયાણાના કૃષિ મંત્રી શ્રી શ્યામસિંહ રાણા, પ્રખ્યાત કૃષિ વૈજ્ઞાનિક પદ્મશ્રી ડૉ. હરિઓમ, ડૉ. બલજીત સહારણ, અને પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે કાર્યરત ICAR ના કૃષિનિષ્ણાતો તેમજ પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિતરહ્યા હતા. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, વીતેલા ૪૦વર્ષોથી દેશમાં જૈવિક ખેતીનો પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે, પરંતુઆજ સુધીજૈવિક ખેતીનું અસરકારક મોડલ ઊભું થઈ શક્યું નથી. તેનુંકારણ છે કે, જૈવિકખાતર બનાવવામાટે વપરાતાઅર્થ વર્મા-અળસીયા વિદેશી છે, જે ફક્ત ગોબર ખાય છે અને હેવી મેટલ છોડે છે.એ ઉપરાંત, જૈવિક ખેતીમાં ખર્ચોવધુ છેઅને ઉત્પાદન ઓછું છે, જેના કારણેઆ ખેતી પદ્ધતિ લોકપ્રિય બની શકી નથી. તેનાથી ઉલટું, પ્રાકૃતિક ખેતીમાં ખર્ચો ખૂબ ઓછોછે અનેઉત્પાદન પૂરતું મળે છે.આ ઉપરાંત,ખેડૂતોને પ્રાકૃતિક ઉત્પાદનોમાટે દોઢથી બે ગણા ભાવમળે છે.પ્રાકૃતિક ખેતીમાંફક્ત એક દેશી ગાયના ગોબર અને ગોમૂત્રથી ખેડૂત ૩૦ એકર જમીન પર ખેતી કરી શકે છે. ખેડૂતને બજારમાંથી ખાતર, કીટનાશક વગેરે ખરીદવાની જરૂર પણ પડતી નથી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશભરમાં પ્રાકૃતિક ખેતીનું વ્યાપક અભિયાન આદરવામાં આવ્યું છે અને મોટાપાયે ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યાછે. ગુજરાતમાં ૯ લાખથી વધુખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યાછે અને આગામી બે વર્ષમાં આ આંકડોબમણો થશે તેવી આશા છે. હરિયાણાના કૃષિમંત્રી શ્રી શ્યામસિંહ રાણાએ પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. તેમણે હરિયાણામાં પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાયનું પાલન કરનારા ખેડૂતોને રૂ. ૩૦ હજારની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે પ્રકૃતિમાં હસ્તક્ષેપ કરવાના પરિણામો હંમેશા જોખમી હોય છે. આજે ખેતીમાં ઉત્પાદન વધારવા માટે જે પેસ્ટિસાઈડ્સ, યુરિયા, ડીએપી અને જંતુનાશકોનો અંધાધૂંધ ઉપયોગ કરવામાંઆવે છે, તેના દુષ્પરિણામો કેન્સર, હાર્ટ એટેક, બીપી, અને ડાયાબિટીસ જેવી બીમારીઓના રૂપમાં સામે આવી રહ્યા છે. ખેતીમાં જંતુનાશકો અને યુરિયાનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરીને ખેડૂતો જમીનને બંજર બનાવીરહ્યા છે. પીવાના પાણીમાંપણ પ્રદૂષણ વધી રહ્યું છે. આમાંથી બચવાનો એકમાત્રઉપાય છે, ખેડૂતો પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરે, પ્રાકૃતિક ખેતીઅપનાવે. તેમણે ખેડૂતોને અપીલ કરી કે, પાકના અવશેષો ખેતરમાં જ નાખે અને તેમાં આગ ન લગાવે, કારણ કે ખેતરના અવશેષો ખેતરમાં ખાતરનું કામ કરશે. ગુરુકુલમાં રાજ્યપાલશ્રીએ બૂકે આપીને હરિયાણાના કૃષિમંત્રી શ્રીશ્યામસિંહ રાણાનું સ્વાગત કર્યું હતું. આચાર્ય દેવવ્રતજી સાથે કૃષિમંત્રી શ્રી રાણાએ ગુરુકુલ ફાર્મની મુલાકાત લીધી, જ્યાં ૧૫ફૂટથી ઊંચી શેરડીને જોઈને તેઓ આશ્ચર્યમાં ઘરકાવથઈ ગયા હતા. ફાર્મ પર મંત્રી શ્રી શ્યામસિંહ રાણાએ કમલમ્, જાંબુ, સફરજન, આંબા, લીચીના બાગ અને લીલાં શાકભાજી વિશે વિગતવાર ચર્ચા કરી હતી. ગુરુકુલ ફાર્મમાં કૃષિમંત્રી અને આચાર્યશ્રી આચાર દેવવ્રતજીએ ગરમાગરમ ગોળનો સ્વાદ લીધો હતો. ફાર્મની મુલાકાત બાદ તેમણે ગુરુકુલની ગૌશાળા, શાળા ભવન, આર્ય મહાવિદ્યાલય અને એન.ડી.એ. બ્લોકની મુલાકાત લીધી હતી. આ અવસરે ગુરુકુલના પ્રમુખ રાજકુમાર ગર્ગ, ઉપપ્રમુખશ્રી સતપાલકંબોજ, નિદેશકબ્રિગેડિયર ડૉ.પ્રવીણ કુમાર, પ્રિન્સિપાલ ડૉ. સુબે પ્રતાપ, રામનિવાસ આર્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સોનગઢ તાલુકામાં ત્રિવેણી સંગમ સમાન ત્રણ રોડના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા





### ઉખલદા, ક્વલા અને બેડી ગામના રોડના ખાતમુહૂર્ત મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ દ્વારા કરવામાં આવ્યા



કમલમ્,તાપી

તાપી જિલ્લામાં માર્ગ અને મકાન (પંચાયત વિભાગ) હસ્તક આજરોજ રોડને લગતા વિવિધ ખાતમુહુર્ત કરવામાંઆવ્યા. માન. મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ, રાજ્ય કક્ષાના મંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ના હસ્તે સોનગઢ તાલુકામાં એક જ દિવસે ત્રણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. જેમાં બેડી નવચૌડીફળિયા રોડનું ૨ કિ.મીના માર્ગ, કંશરીમાતા મંદિર રોડ, કાવલા ગામના પુલ પર બોક્ષ કલવર્ટનું કામ તેમજ ઉખલદા ગામના મોટી ફળિયા રોડ પર ૨ કિમીના રોડનું બાંધકામ એવા ત્રણ સ્થળના નવીનીકરણ, રિસરફેસિંગ અને કન્સ્ટ્રકશન માટે ખાતમુહુર્ત મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષપદે કરવામાં આવ્યા. આ ત્રણે કામની કુલ રકમ રુ. ૨૪૯.૮૦ લાખના ખર્ચે વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ ખાતમુહૂર્ત નિમિતે રાજ્ય કક્ષાના મંત્રી શ્રીકુંવરજીભાઈ એ જણાવ્યું હતું કેઆ ખાત મુહૂર્તએક ત્રિવેણી સંગમ સમાન ઘટના છે. મારા સોનગઢ તાલુકાના સીધાસાધા ખેડૂત મિત્રો માટે સુરત સોનગઢ તેમજ આસપાસના વિસ્તારોમાં જવા માટે રસ્તાઓનું સમારકામ જરૂરીહતું. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ સંકલ્પને આપણા દરેક જિલ્લા અને તાલુકા સુધી વિકાસના કામો થાય તે સુનિશ્ચિત કરવા કમર કસી છે. આજે આપણા અંતરિયાળ તાલુકાઓ અને ગામડાઓ સુધી દરેક જગ્યાએ રોડ નવા બની ગયા છે. આજે ગમે ગામની રોનક બદલાઈ છે. આ ત્રણે ખાતમુહૂર્તને અંતે ઉખલદા ગામના પ્રાંગણમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ સત્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તાલુકા ઉપપ્રમુખ શ્રી મીનેશભાઈ, ટીડીઓ શ્રી ડી.ડી ગાવીત, સંગઠનના વિવિધ હોદ્દેદારો, વિક્રમભાઈ, અનિલભાઈ ચૌધરી, લલ્લુકાકા, જીતુભાઈ ચૌધરી, વિજયભાઈ વસાવા, શાંતિલાલ ગામિત, ઉમેશભાઈ, રોશનભાઈ, ભરતભાઈ, ગીરીશભાઈ આ ઉપરાંત ઉખલદા, વેલઝરના સરપંચશ્રી અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉખલદાના મોટીફળિયારોડ તેમજ બેડીના નવચૌડી ફળિયા રોડના ૨ કિ.મી લંબાઈ ધરાવતા આ બંને રોડને કિસાન પથ યોજના વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત પ્રત્યેક રોડને ૬૪.૯૦લાખ લેખે વહીવટી મંજૂરી આપવામાં આવી છે.



કમલમ્

નવી દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ટરનેશન કો. ઓપરેટીવ એલાયન્સની વર્લ્ડ કોન્ફરન્સમાં અમેરિકાની ઓવરસીસ કો. ઓપરેટીવ ડેવલોપમેન્ટ કાઉન્સિલ (OCDC) દ્વારા સમગ્રભારતમાંડેરી ક્ષેત્રપ્રથમ ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ચેમ્પિયન એવોર્ડ ૨૦૨૪થી દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરીને સન્માનિત કરવાબદલ શ્રીખોલવાડા દૂધઉત્પાદક સહકારીમંડળીલીઅને દૂધઉત્પાદક હીતરક્ષક સમિતિ, સિધ્ધપુર દ્વારા માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં સન્માન સમારંભ યોજાયો. આ સમારંભમાંશ્રી સરદારભાઈ ચૌધરી (ધારાસભ્યશ્રી, ખેરાલુ), શ્રી અમ્રતભાઈ-વાઈસ ચેરમેન દૂધસાગર ડેરી, શ્રી સ્નેહલભાઈ પટેલ (ચેરમેનશ્રી, એ.પી.એમ.સી., પાટણ), શ્રી વિષ્ણુભાઈ પટેલ (ચેરમેનશ્રી, APMC, સિધ્ધપુર), શ્રી નંદાજી ઠાકોર - (પ્રદેશ ઉપાધ્યક્ષ), શ્રી રણજીતસિંહ સોલંકી (ડીરેકટરશ્રી દૂધ સાગર ડેરી મહેસાણા), શ્રી પ્રધાનજી ઠાકોર - (ડીરેકટર શ્રી દૂધ સાગર ડેરી મહેસાણા), શ્રી જશુભાઈ પટેલ (ડીરેકટર શ્રી, MDCC બેંક મહેસાણા), શ્રી વિક્રમસિંહ ઠાકોર (પ્રમુખશ્રી, સિધ્ધપુર તાલુકા ભાજપ), શ્રી જયેશ પંડ્યા (પ્રમુખશ્રી, સિધ્ધપુર શહેર ભાજપ), શ્રીમતીઅનિતાબેન પટેલ- સિધ્ધપુર નગરપાલિકા પ્રમુખ, શ્રી મુકેશભાઈ ચૌધરી, દૂધસાગર ડેરીના ડિરેકટરશ્રીઓ, સંગઠનના હોદેદારો, સિનિયર આગેવાનો, ડેરીના મંત્રી અને સભ્યશ્રીઓ, તેમજ વિવિધ મંડલીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028